# કાગડો (House Crow)

**આકાશમાં મુક્તપણે વિહરતા આ જીવો માત્ર પ્રકૃતિની શોભા જ નથી વધારતા, પણ પૃથ્વીના પર્યાવરણીય સંતુલન જાળવવામાં પણ અતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે**

**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા

શ્રાદ્ધ અને શ્રદ્ધાના સંગમના આ દિવસો ચાલે છે. શ્રાદ્ધમાં પિતૃઓના તર્પણ સાથે કાગવાસ નાખવાનો રિવાજ પરંપરાથી ચાલ્યો આવે છે. ત્યારે પંખીઓમાં કાગડો સહુને સાંભરે છે.

આપણી આસપાસ રહેતાં પંખીઓમાં કાગડો અગ્રીમ હરોળમાં આવે. પણ તમે છેલ્લે કાગડો ક્યારે અને ક્યાં જોયો હતો? યાદ છે? નથીને! કાગડા જેવાં ઘણાં પક્ષીઓ અનેક કારણોસર ઓછાં થયાં છે.

છતાં, એક આશ્ચર્ય પમાડે તેવી બાબત એ છે કે નિયમિત ન દેખાતો કાગડો ભાદરવા મહિનામાં આવતાં શ્રાદ્ધ પક્ષમાં ગમે ત્યાંથી આવીને હાજરી પુરાવી જાય છે!





અલબેલાં પંખીઓ આ વસુંધરાનો શણગાર છે. પંખીઓ પ્રકૃતિની સૌથી અદ્ભુત, રંગબેરંગી અને રોમાંચક રચનાઓમાંની એક છે. આકાશમાં મુક્તપણે વિહરતા આ જીવો માત્ર પ્રકૃતિની શોભા જ નથી વધારતા, પણ પૃથ્વીના પર્યાવરણીય સંતુલન જાળવવામાં પણ અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પંખીઓની અનોખી દુનિયા આપણને સ્વતંત્રતા, સહિષ્ણુતા અને પ્રકૃતિ સાથે લયબદ્ધ રીતે જીવવાનો સુંદર સંદેશ આપે છે.

આપણાં સમાન્ય પંખીઓની ઓળખ અને થોડી જાણકારી એનાં પ્રત્યેનો આપણો અહોભાવ વધારે છે.

આપણી લોકબોલીમાં કાગડો વણાયેલો છે. આપણી કહેવતોમાં કાગડો સર્વવ્યાપી છે. માણસના જીવન સાથે સંકળાયેલો કાગડો, માણસના મૃત્યુ પછી પિતૃસ્વરૂપે તર્પણ પણ ભોગવી ખાય છે! શ્રાદ્ધના મહિનામાં કાગડાઓની બોલબોલા હોય છે!

કાગડાથી આમ તો આપણે પરિચિત જ છીએ! કાગડો શહેરનો વાસી છે. એ માણસની વસતિ હોય છે ત્યાં જ જોવા મળે છે ને માણસના આધારે જ જીવે છે. ગામડાંઓમાં પણ પુષ્કળ પ્રમાણમાં કાગડાઓ વસે છે, પણ એક ચોંકાવનારી હકીકત એ છે કે હમણાં-હમણાં ગામડાંમાં કાગડાનું પ્રમાણ આશ્ચર્યજનક રીતે ઘટી રહ્યું છે. પહેલાં તો ગામડાંમાં ઝાડવા હેઠળ ખાટલો નાખીને સૂતેલાને કા કા... કરતો કાગડો નિરાંતે જંપવા દેતો નહીં, પણ હમણાંથી એનું કાકા ઓછું થયું છે.

આપણી સમાજરચનાનું અંગ બની ગયેલા કાગડાને આપણે (શ્રાદ્ધપક્ષ સિવાય) પાપી, અપકૃત્યો કરનારો ગણી હડધૂત કરીએ છીએ, પણ હકીકતે કાગડો સારો છે. સારો એટલા માટે કે એ જેવો દેખાય છે એવું બોલે છે. આપણાંમાંનાં ઘણાં સ્વચ્છ, સુંદર વસ્ત્રો પરિધાન કરી મીઠું-મીઠું બોલે છે ને લોકોનાં ગળાં કાપે છે, એના કરતાં કાગડો લાખ દરજ્જે સારો ! જેવું બોલે એવો દેખાવ ને એવાં કર્મો. કશું જ છાનું- છુપાવેલું નહીં.

કાગડાનો ખોરાક આપણે લગભગ જાણીએ છીએ. એવું કશું નથી જે તેને ખાવામાં ન ખપે. માણસો ખાય એ બધું અને મરેલા ઉંદર, એઠવાડ, દેડકાં, ખિસકોલાં, પંખીઓનાં ઈંડાં-બચ્ચાં, આવું બધું જ એ ખાય. દુકાનોમાંથી કે નાસ્તાના ટેબલ પરથી ખાવાનું ઉપાડી જતાં એને શરમ નહીં! પણ એ આપણું સફાઈ- કામદાર પક્ષી છે અને તેથી જ તેની આ ચોરવૃત્તિ ક્ષમ્ય ગણાય.

કાગડો જેમ બીજાંને ભક્ષી જાય છે એમ એને પણ ઘુવડ, મોટાં બાજ કે ગરુડ જેવાં પંખીઓ મારી ખાય છે. તો વળી કોયલ કાગડાને પૂરેપૂરી છેતરી જાય છે. એ પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકીને બચ્ચાંને કાગડા પાસે ઉછેરાવે છે.

કાગડો ઘણાંખરાં પંખીઓનો દુશ્મન છે. એ નમણાં, મૃદુ અને ગાનારાં પંખીઓને સતત હેરાન કરે છે એથી બગીચામાં કાગડો આવે ત્યાં બીજાં પંખીઓ પલાયન થઈ જાય છે. બગલાનાં ઈંડાં અને બચ્ચાંને કાગડો ક્રૂરતાપૂર્વક હણી ખાય છે. કાગડાઓ તીડ અને બીજાં ખેતીને નુકસાનકારક જીવડાંના ટોળા પર આક્રમણ કરીને તેમનો સફાયો કરી નાખે છે, એથી ખેતી માટે કાગડા પરોક્ષ રીતે ઉપયોગી છે.



કાગડો ઝાડની ઊંચી અને પાતળી ડાળીમાં માળો બનાવે છે. કોઈ ટીખળી છોકરા એનો માળો જોવા ઝાડ પર ચડે તો એ એની ચાંચ વડે તીવ્ર હુમલો કરે છે. કાગડો ચીંથરાં, સાંઠીકડાં, તણખલાં વગેરેથી કઢંગો માળો બનાવે છે. તેમાં ચાર-પાંચ કે કોઈ વાર છ-સાત ઈંડાં મૂકે છે. સામાન્ય રીતે માળાની ઋતુ ચૈત્રથી અષાઢ છે. ઈંડાં ફિક્કાં, આસમાની, લીલાશપડતા રંગનાં હોય છે. કોયલનાં ઈંડાં પણ તેનાં ઈંડાંને મળતાં આવે છે.

આપણે ત્યાં વ્યાપક રીતે દેખાય છે એ કાગડો સાવ કાળો નથી. એની ડોક, છાતી અને પીઠ રાખોડી રંગના છે. બાકી પાંખો, ચાંચ, માથું, પગ- બધું કાળું. સાવ કાળા કાગડાને ‘ગિરનારી કાગડો’કે ‘વનકાગડો’કહે છે. એ સામાન્ય કાગડા કરતાં થોડો વધુ ભરાવદાર લાગે છે. અવાજ પણ સહેજ જુદો પડે છે. ખોરાક બંને કાગડાનો સરખો, પણ એ ચોરવૃત્તિ ધરાવતો નથી. એ મોટા ભાગે ઝાડીવાળા પ્રદેશમાં ને કોઈ વાર ગામમાં બીજા કાગડા ભેગો દેખાય છે.

ભલે દેખાવે, બોલીમાં કે વર્તનમાં કાગડો આપણને ન ગમે, પણ એ આપણને સૂગ ચડે એવી ગંદકી ઉપાડીને આપણાં ઘરોની આસપાસ ચોખ્ખાઈ રાખે છે, તેથી કાગડો મહત્ત્વનું પક્ષી છે.

# સ્માર્ટફોનની સાઈડમાં દેખાતી આ નાની લાઈન્સ ડિઝાઈન નહીં, વિજ્ઞાન છે!

તમારા સ્માર્ટફોનની કિનારીઓ (સાઈડ્સ) પર પ્લાસ્ટિક કે રબર જેવી દેખાતી નાની-નાની આડી લાઈન કે પટ્ટીઓ તમે જરૂર જોઈ હશે. ઘણા લોકો તેને માત્ર એક સામાન્ય ડિઝાઈન કે બોડી જોઈન્ટ માને છે, પરંતુ વાસ્તવમાં આ નાનકડી લાઈન પાછળ ટેકનોલોજીનો એક મોટો ઈતિહાસ અને મજેદાર કિસ્સો છુપાયેલો છે.

આજના પ્રીમિયમ સ્માર્ટફોન હાથમાં લેતાં જ તેનો મેટાલિક ટચ અને સ્લીક ફિનિશિંગ આપણને આકર્ષિત કરે છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે ફોનની મેટલ ફ્રેમ વચ્ચે મુકેલી પેલી પ્લાસ્ટિક જેવી પાતળી પટ્ટીઓ શું કામ કરે છે?

**જ્યારે પ્રીમિયમ લુક જ સમસ્યા બની ગયો!**

સ્માર્ટફોન કંપનીઓમાં જ્યારે ફોનને પ્રીમિયમ ‘મેટાલિક બોડી’આપવાની અને તેને વોટરપ્રૂફ બનાવવાની સ્પર્ધા શરૂ થઈ, ત્યારે એન્જિનિયર્સ સામે એક મોટો અવરોધ આવ્યો. મેટલ (ધાતુ) રેડિયો સિગ્નલો માટે એક ઢાલ સમાન છે-તે ઈલેક્ટ્રોમેગ્નેટિક સિગ્નલ્સને અંદર જવા દેતું નથી કે બહાર નીકળવા દેતું



નથી. ફોન ચારે તરફથી મેટલથી સીલ થઈ જતાં નેટવર્ક સિગ્નલ બ્લોક થવા લાગ્યા અને કોલિંગ કે ઈન્ટરનેટ ડ્રોપ થવાની સમસ્યા ઊભી થઈ.

**જન્મ થયો ‘એન્ટેના બેન્ડ્સ’નો**

આ મુશ્કેલીના ઉકેલ તરીકે વર્ષ 2010માં એપલે પોતાના પ્રખ્યાત iPhone 4માં પહેલીવાર આ સાઈડ બાર્સ આપ્યા, જેને ટેકનિકલ ભાષામાં ‘એન્ટેના બેન્ડ્સ’ કહેવાય છે.

આ લાઈન્સ વાસ્તવમાં પ્લાસ્ટિક કે નોન-કન્ડક્ટિવ મટિરિયલની બનેલી હોય છે. તે મેટલ ફ્રેમને નાનકડો કટ આપીને અંદરના એન્ટેના સુધી નેટવર્ક સિગ્નલ પહોંચવા માટે એક ‘બારી’ જેવું કામ કરે છે, જેથી તમારા ફોન સુધી સરળતાથી નેટવર્ક પહોંચી શકે.

આ નવી ડિઝાઈન સાથે એક બહુ મોટો વિવાદ પણ જોડાયેલો છે, જે ટેક જગતમાં ‘Antenna-gate’તરીકે ઓળખાયો:

એપલે iPhone 4માં આ એન્ટેના લાઈન્સ બરાબર એવી જગ્યાએ મૂકી દીધી હતી જ્યાં સામાન્ય રીતે લોકો ફોનને હાથમાં પકડતા હોય. પરિણામે, યુઝર્સે જેવો ફોન હાથમાં પકડ્યો કે હથેળી અડવાને કારણે સિગ્નલ અચાનક ડાઉન થઈ જતાં હતા. જ્યારે લોકોએ ફરિયાદ કરી, ત્યારે સ્ટીવ જોબ્સનો પ્રખ્યાત અને રમૂજી જવાબ આવ્યો: ‘તમને ફોન યોગ્ય રીતે પકડતા નથી આવડતો, તમે ખોટી રીતે પકડો છો!’ જોકે પાછળથી કંપનીઓએ પોતાની ભૂલ સુધારી લીધી અને એન્ટેના બેન્ડ્સની પોઝિશન એવી જગ્યાએ રાખી જેથી હાથ પકડવાથી સિગ્નલ સંપૂર્ણ બ્લોક ન થાય.

તમે પણ અજમાવી શકો છો આ નાનો પ્રયોગ!

જો તમારા ફોનમાં પણ આવી મેટલ ફ્રેમ અને સાઈડ બાર્સ હોય, તો આ તમામ બાર્સ પર આંગળીઓ કે હથેળી પૂરેપૂરી દબાવીને જુઓ. થોડી જ સેકન્ડોમાં તમે જોશો કે તમારા ફોનના નેટવર્ક બાર્સ ધીમે-ધીમે ઓછા થવા લાગશે. તો હવે પછી કોઈ તમારા ફોનની સાઈડ લાઈન્સને સામાન્ય ડિઝાઈન ગણાવે, તો તેમને જરૂર જણાવજો કે આ માત્ર શોભાના ગાંઠિયા નથી, પણ તમારા ફોનને દુનિયા સાથે જોડી રાખતી ખરી કડી છે!